# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/381 Dt. 30/03/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સ તથા ચેમ્બર ખાતે કાર્યરત એનઆરજી સેન્ટર અને ગુજરાત રાજ્ય બિન–નિવાસી ગુજરાત પ્રતિષ્ઠાનના સંયુક્ત ઉપક્રમે NRI મેરેજ અવેરનેસ સેમિનાર

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, ગુજરાત રાજ્ય બિન–નિવાસી ગુજરાત પ્રતિષ્ઠાન અને ચેમ્બર ઓફ કોમર્સ સુરત ખાતે કાર્યરત એનઆરજી સેન્ટરના સંયુક્ત ઉપક્રમે શુક્રવાર, તા. ૨૭ માર્ચ, ૨૦૨૬ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે શ્રી સ્વામી આત્માનંદ સરસ્વતિ ઇન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી, વરાછા રોડ, સુરત ખાતે NRI મેરેજ અવેરનેસ સેમિનાર યોજાયો હતો, જેમાં સુપ્રીમ કોર્ટના વકીલ પ્રિતિ જોશીએ વિદેશમાં સ્થાયી થયેલા યુવકો સાથે લગ્ન કરવા ઈચ્છુક યુવતિઓને મહત્વની તકેદારીઓ વિષે વિસ્તૃત જાણકારી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ સ્વાગત સંબોધનમાં જણાવ્યું હતું કે, હાલના ડિજીટલ યુગમાં સંબંધો ખૂબ ઝડપથી વિસ્તારે છે. પરિચય કેળવાતા, પરિપકવ થતા તે સંબંધ લગ્નમાં પરિણમે ત્યારે અનેક સાવચેતીઓ રાખવી જરૂરી છે અને જ્યારે લગ્ન સંબંધ વિદેશ સ્થાયી થયેલી વ્યક્તિ સાથે જોડાવાના હોય ત્યારે વધુ અગમચેતી રાખવી જરૂરી બને છે.

મુખ્ય વકતા સુપ્રિમ કોર્ટના વકીલ શ્રીમતી પ્રિતિ જોશીએ વિદ્યાર્થીનિઓને સંબોધતા જણાવ્યું હતું કે, દિન પ્રતિદિન ભારતમાંથી વિદેશ જઇને વસનારાઓની સંખ્યામાં વધારો થઇ રહયો છે અને તેની સાથે લગ્નમાંથી ઉભી થતી સમસ્યાઓનો પણ વધારો થઇ રહયો છે અને તેને કારણે કેટલીક વખત જટિલ પ્રશ્નો ઉભા થતા હોય છે. બિન નિવાસી ભારતીયો સાથેના લગ્નની બાબતમાં માત્ર ભારતીય કાયદા જ નહીં, પરંતુ જે તે દેશની વધુ જટિલ કાનૂની પ્રથા સાથે જોડાયેલા ખાનગી અને આંતરરાષ્ટ્રીય કાયદા પણ લાગુ પડતા હોય છે, આથી આવા લગ્નોમાં જોખમ વધુ રહે છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ભાષાની મર્યાદા, સ્થાનિક પોલિસ અને કાનૂની પ્રથાની જાણકારીનો અભાવ અને ઝડપી મળી રહે તેવી નાણાંકીય સહાય તેમજ મુશ્કેલીના સમયમાં આશ્રય મેળવી શકાય એવા સ્થાનનો અભાવ જેવી અનેક સમસ્યાઓનો સામનો યુવતિઓને કરવો પડે છે, આથી યુવતિઓએ જે દેશમાં પરણવું હોય ત્યાંની ભાષા, ખોરાક, સંસ્કૃતિ, જીવનશૈલી અને ઘરના માહોલને ધ્યાનમાં રાખીને જ પરણવું જોઇએ. જે યુવાન સાથે પરણવું છે તેના વિષેની ચોકકસ માહિતી મેળવવી જોઇએ. તેમણે યુવતિઓને વિદેશમાં લગ્ન કરતા પહેલા મહત્વની તકેદારી રાખવાની સલાહ આપી હતી.

શ્રીમતી જોશીએ કહ્યું હતું કે, લગ્ન માટે કોઇ બ્યુરો, એજન્ટ, દલાલ કે મધ્યસ્થી પર આંધળો વિશ્વાસ ન મૂકવો. કોઇ પણ કારણોસર બનાવટી દસ્તાવેજો કરવા માટે તૈયાર ન થવું, લગ્નના આધારે ગ્રીનકાર્ડ મેળવી આપવાના વચનોથી ભોળવાઇ જઇ લગ્ન નહિ કરવા, બીજા દેશમાં જઇ લગ્ન કરવાનો પ્રસ્તાવ ન સ્વીકારવો, વિદેશમાં રહેતી વ્યકિતનો લગ્ન દરજજો એટલે કે વ્યકિત કુવારી છે, છુટાછેડા કે વિધુર/વિધવા છે, ત્યકતા છે વિગેરેની ચકાસણી કરવી જોઇએ. આ ઉપરાંત ઇમીગ્રેશન સંબંધી સ્થિતિ, વીઝાના પ્રકાર, વિદેશમાં રહેવા તથા પતિ – પત્ની તરીકેની પાત્રતા, નાણાંકીય સંબંધી સ્થિતિ, સંપત્તિ, રહેઠાણનું સરનામું અને કુંટુંબની પાર્શ્વભૂમિ વિગેરે મુદ્દાઓની તકેદારીપૂર્વક ચકાસણી કરવી જોઇએ.

ગાંધીનગરના બિન–નિવાસી ગુજરાત પ્રતિષ્ઠાનના પ્રતિનિધિ મામલતદાર શ્રી ચૈતન્ય સંઘાનીએ પ્રતિષ્ઠાન દ્વારા કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓ વિષે અને સુરત ખાતે કાર્યરત એનઆરજી સેન્ટર વિષે વિસ્તૃત માહિતી આપી હતી.

STBS ટ્રસ્ટના ટ્રેઝરર અને ચેમ્બરના પૂર્વ પ્રમુખ શ્રી દિનેશ નાવડિયાએ પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું.

શ્રી સ્વામી આત્માનંદ સરસ્વતિ ઇન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજીના પ્રોફેસર અને ઇન્ચાર્જ પ્રિન્સિપલ ડો. જિગ્નેશ વઘાસિયાએ ઇન્સ્ટીટયુટ તેમજ તેઓની વિવિધ પ્રવૃત્તિઓ વિષે વિસ્તૃત માહિતી આપી હતી.

ચેમ્બર ખાતે કાર્યરત એનઆરજી સેન્ટર સુરતના ચેરમેન શ્રી કલ્પેશ લાઠીયાએ સેમિનારનું સંચાલન કર્યું હતું. એનઆરજી સેન્ટર સુરતના કો–ચેરમેન શ્રી ચેતન શેઠે વકતાનો પરિચય આપી સેમિનારમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. વકીલ પ્રિતિ જોશીએ વિદ્યાર્થીનિઓના વિવિધ સવાલોના સંતોષકારક જવાબો આપ્યા હતા અને ત્યારબાદ સેમિનારનું સમાપન થયું હતું.